# જિલ્લાના ૭૦૦ સી.એન.જી. રીક્ષા ચાલકો માટે ભાવ વધારો અસહ્ય

**સ્થાનિક ભાડામાં ગમે તે ઘડીએ વધારાના ભણકારા**

રાજ્યમાં સી.એન.જી. ના ભાવમાં વધારો થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૭૦૦ થી વધુ સી.એન.જી. રીક્ષાચાલકો માટે ભાવ વધારો અસહ્ય થતાં સ્થાનિક તેમજ સ્કુલ વર્ધીના વાહનોમાં ગમે તે ઘડીએ વધારાના ભણકારા વાગી રહ્યા છે. જ્યારે જે સી.એન.જી. વાહન ચાલકોએ અગાઉથી જ ટેન્ડર પ્રમાણે વાહનો બાંધ્યા હતા તેમની હાલત કફોડી થઈ છે.જીવન જરુરી ખાદ્યચીજ ઉપરાંત ઈંધણના ભાવમાં ભડકે બળતા ભાવથી સર્વત્ર ચિંતા પ્રસરી છે. જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગ માટે સ્થાનિક નાની મુસાફરી માટે રીક્ષા આશીર્વાદરુપ બની છે પરંતુ સી.એન.જી.ના ભાવમાં સતત થઈ રહેલા ભાવ વધારાથી હવે રીક્ષાચાલકો પણ સમસમી ઉઠચી છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, ઈડર, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, ભિલોડા, વડાલી, ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ સહિતના વિસ્તારોમાં ૭૦૦ થી વધુ સી.એન.જી. રીક્ષાઓ મારફતે ચાલકો પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે પરંતુ સી.એન.જી.માં સતત થઈ રહેલા ભાવ વધારાથી ભાડુ વધારવા સિવાય કોઈ વિકલ્પ નથી પરંતુ ગ્રામ્ય મુસાફરો રૂા. ૫ ભાડુ આપવું હોય તો પણ ઈન્કાર કરતા હોય છે. આ સંજોગોમાં મીનીમમ ૪ ૨૫ થી ૩૦નું ભાડુ કરવામાં આવે તો રીક્ષાચાલકોના પરિવારને ભૂખે મરવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. સી.એન.જી.ના ભાવ અંકુશમાં નહીં આવે તો રીક્ષાચાલકો ભાવ વધારો પાછો ખેંચવા મુદ્દે અન્ય જિલ્લાની જેમ આંદોલનનો જંગ છેડશે તે દિવસ દૂર નથી. જ્યારે શાળાઓ શરુ થઈ ત્યારથી નિયત ભાડાથી સી.એન.જી. વાહનોમાં બાળકોને લઈ જવાની અને મૂકવાની વ્યવસ્થા કરેલી છે પરંતુ એકાએક ભાવ વધારાથી અગાઉનાં ઓછાં ભાડાં વાહન ચાલકોને પરવડે તેમ નથી જેથી વાર્ષિક પરીક્ષા સમયે જ વાહન ચાલકો અને વાલીઓ વચ્ચે પણ ભાડા મુદ્દે ઘર્ષણ થાય તેવી સ્થિતિ સી.એન.જી.ના ભાવ વધારાએ લાવી દીધાનું કેટલાક રીક્ષાચાલકોએ જણાવ્યું છે.

# જીવદયા પ્રેમીઓએ ઝેરડા નજીકથી પાડા અને ભેંસો ભરેલુ જીપડાલા ઝડપ્યું



**જીપડાલા ચાલક સામે ગુનો દાખલ**

જીવદયા પ્રેમીઓએ ડીસા તાલુકાના ઝેરડા નજીકથી પસાર થતા એક શંકાસ્પદ જીપડાલાને ઝડપી પાડી તેમાં ભરેલા પાંચ અબોલ જીવોને બચાવી લીધા હતા અને આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.આ અંગેની ફરિયાદની વિગત જીવદયા પ્રેમી હિમાલયભાઈ, મનોજભાઈ દવે ,ભરતસિંહ વાઘેલા, સુરપાલસિંહ વાઘેલા, દેવેન્દ્રભાઈ અને વસંતભાઈ ઝેરડા બસ સ્ટેન્ડ નજીક પૂનમ નિમિતે ગાયો માટે ફાળો ઉઘરાવતા હતા. તે દરમીયાન ધાનેરા તરફથી આવી રહેલા જીપડાલા (નમ્બર જી જે ૦૨ વિ વી ૮૩૬૫) ને થોભાવી ચેક કરતા તેમાં ઘાસચારાની વ્યવસ્થા વિના એક પાડી, બે પાડા અને બે ભેસો ભરેલી હતી. ચાલકનું નામ પૂછતાં તેનું નામ સદામભાઈ મહંમદભાઈ શેખ (રહે.ભીલવાસ ધાનેરા) હોવાનું જણાવ્યું હતું. તેથી ક્રૂરતાપૂર્વક પાંચ જીવો જીપડાલામાં ભરવા તેમજ ઘાસચારાની પણ વ્યવસ્થા રાખેલ ના હોઈ તેમજ આ તમામ જીવોને કતલખાને લઈ જવા બાબતે હિમાલયભાઈ માલોસણીયાએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રૂ. ૧,૫૦,૦૦૦ નો મુદામાલ કબજે કરીને પશુ ક્રૂરતા અધિનિયમન એક્ટ હેઠળ જીપડાલા ચાલક સદામભાઈ શેખ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગર ખાતે ૧૩ કેન્દ્રો પર ગુજકેટ ૨૦૨૨ની પરીક્ષા યોજાઈ

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ઝોનમાં ગુજકેટની એપ્રિલ ૨૦૨૨ની પરીક્ષા લેવાઈ. જેમાં ૧૩ કેન્દ્રો ઉપર ૧૨૮ બ્લોકમાં કુલ ૨૫૧૫ જેટલા વિધાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. જેમાં ભૌતિક વિજ્ઞાનમાં ૨૪૩૮ વિધાર્થીઓએ પરીક્ષા આપી ૮૪ ગેરહાજર રહ્યા હતા. જેમાં ૩૮૬ અંગ્રેજી માધ્યમના વિધાર્થી હતા. જીવ વિજ્ઞાનમાં ૧૯૮૬ પરીક્ષાર્થી પરીક્ષા આપી ૭૩ ગેરહાજર હતા. આ વિષયમા ૨૫૦ વિધાર્થી અંગ્રેજી માધ્યમના હતા. ગણિતમાં ૪૫૪ વિધાર્થીઓ દ્વારા પરીક્ષા આપી અને ૧૫ વિધાર્થી ગેરહાજર જેમાં અંગ્રેજી માધ્યમના વિધાર્થી ૧૩૭ હતા.

# પાલનપુર પાલિકાના માથે પાણી પુરવઠાનું કરોડોનું દેવું બાકી




પાલનપુર શહેરમાં કેટલાક મિલકત ધારકો નગરપાલિકા નો કર ભરવામાં લાપરવાહી દાખવતા હોઈ પાલિકાના ચોપડે બાકીદારોની સંખ્યામાં સતત વૃદ્ધિ થતા તેને લઈ નગરપાલિકાના માથે દેવાનો બોજમાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે જેને લઈ હાલ નગરપાલિકાના માથે પાણી પુરવઠા વિભાવનું ૨૭ કરોડે પહોંચવા પામ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા દેવામાં ઘેરાવા લાગી છે.

જેમાં પાણી પુરવઠા અને ઉત્તર ગુજરાત વીજ તંત્ર ના દેવામાં સતત વધારો થઈ રહ્યો છે .જેમાં શહેર માં પીવાના પાણી પેટે પુરવઠા વિભાગ નું દર મહિને ૨૮ લાખ જેટલું બિલ આવે છે પરંતુ આટલું બિલ ચૂકવવા પાલીકા સક્ષમ ન હોઈ પાણી પેટે નગર પાલીકા દ્વારા પાણી પુરવઠાને મહિને ૨૮ લાખના બિલ સામે માત્ર ૬ લાખ ચૂકવણુ કરવામાં આવી રહ્યું છે .જેને લઈ હાલ નગરપાલિકા માથે પાણી પુરવઠા વિભાગનું ૨૭ કરોડ નું દેવું ચડી જવા પામ્યું છે. જોકે શહેર ના કેટલાક રીઢા મિલકત ધારકો નગર પાલિકા નો કર ભરતા ન હોઈ પાલિકાના ચોપડે હાલ બાકીદારો પાસે થી રૂ. ૧૧.૫૫ કરોડ લેવાના બાકી નીકળે છે. જોકે આ બાકી કર નગર પાલિકામાં ભરપાઈ થઈ જાય તો પાલિકાના માથે થી દેવાનો બોજ હળવો થઈ શકે તેમ હોઈ પાલીકા દ્વારા રીઢા બાકીદારો સામે લાલ આંખ કરવાની જરૂર છે.

**પ્રાઈમ લોકેશનમાં દુકાન વેચવાની છે**

**બાયડના ગાબટ રોડ નજીક શ્યામ એવન્યુ કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર**

**સંપર્ક મો.નં. ૯૭૨૭૭ ૪૦૫૦૩**

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભૂગર્ભ જળ ઉંડાં જતાં હવે પાણી દૂષિત થવાનું જોખમ

**પીવાના પાણીમાં અશુદ્ધિઓ વધતાં પાણીજન્ય રોગચાળાની દહેશત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની ઘેરી સમસ્યા ઉદ્ભવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાણી માટે મહિલાઓ અને બાળકો સીમાડામાં ભટકી રહ્યાં છે. ભૂગર્ભ જળની સપાટી ઉંડે જતાં હવે પીવાનું પાણી દૂષિત થવાનું જોખમ વધ્યું છે. ઉંડાઈએથી હેન્ડપંપ-બોર દ્વારા મેળવવામાં આવતા પાણીમાં અશુદ્ધિઓ વધી જતાં ઉનાળામાં પાણીજન્ય રોગચાળાની દહેશત વ્યક્ત થઈ છે. જિલ્લામાં અગાઉથી જ ૧૦૦ થી વધુ ગામોની પ્રજા પાણીમાં ફ્લોરાઈડની માત્રાને કારણે પાણીના રૂપમાં પેટમાં ધીમું ઝેર પધરાવી રહી છે અને હવે ભૂગર્ભ જળ વધુ ઉંડાં જતાં જીવન ગણાતું પાણી સ્વાસ્થ્ય જોખમાવે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

રાજ્ય સરકાર પ્રજાને નળ વાટે પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે કરોડો રૂપિયાનું આંધણ કરી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળા દરમ્યાન પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે પાણી પુરઠાની જુથ યોજનાઓ કાર્યરત કરાઈ છે છતાં વર્તમાન ઉનાળામાં પાણી..પાણીના પોકારો શરૂ થયા છે. જિલ્લાનું વહીવટી તંત્ર એક તરફ ચોમાસાની પૂર્વ તૈયારીઓ કરી રહ્યું છે ત્યાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પ્રશ્ને પાણીપત સર્જાય તેવી સ્થિતિ સામે આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનાં તળ ઉંડાં જતાં એક પછી એક બોર પાણી છોડવા લાગ્યા છે જેથી જવાબદાર તંત્રને પાઈપો વધુ ઉંડે ઉતારી પાણીની સમસ્યા હલ કરવાની ફરજ પડી છે પરંતુ વધુ ઉંડાઈએથી બોર અથવા હેન્ડપંપ દ્વારા મેળવવામાં આવતા પાણીમાં અશુદ્ધિઓ વધી જતાં પ્રજા દૂષિત પાણી પીવા માટે મજબૂર બની છે. જિલ્લામાં પીવાના પાણીમાં અશુદ્ધિઓ વધતાં પ્રજા પાણીજન્ય રોગચાળાનો શિકાર બને તેવી દહેશત છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાંથી પીવાના પાણીનાં સેમ્પલ લઈ વિભાગની લેબોરેટરીમાં પરીક્ષણ થતું હોવાના દાવા થઈ રહ્યા છે પરંતુ ૧૦૦ થી પણ વધુ ગામોની પ્રજા ફ્લોરાઈડ યુક્ત પાણી ગટગટાવી રહી છે. જિલ્લામાં જેમ ભૂગર્ભ જળ ઉંડાં જાય છે તેમ પીવાના પાણીમાં અશુદ્ધિઓનું પ્રમાણ વધી રહ્યું છે જેથી ઉનાળામાં પાણીજન્ય રોગચાળાનું જોખમ બેવડાયું છે.

# કાળઝાળ ઉનાળામાં માર્ગો ઉપર યમદૂતના ધામા: સાબરકાંઠામાં ૨ માર્ગ અકસ્માતમાં બે નાં મોત

**કડોલી-લક્ષ્મીપુરા રોડ ઉપર બાઈક ખાડામાં પડતાં ચાલકનું મોત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠામાં કાળઝાળ ઉનાળામાં માર્ગો ઉપર યમદૂતોના ધામા જેવી સ્થિતિ છે. જુદા જુદા નાંધાયેલા ૨ માર્ગ અકસ્માતમાં બે જણનાં મોત નિપજતાં પોશીના તેમજ હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર હિંમતનગર તાલુકાના લક્ષ્મીપુરા(ખેડાવાડા) ગામના વસંતકુમાર નરસિંહભાઈ પટેલ તા.૧ના રોજ સમી સાંજે કડોલી થી લક્ષ્મીપુરા ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે તળાવની બાજુના વળાંકમાં બાઈક ખાડામાં પડી જતાં માથાં તથા શરીરના ભાગે ઈજા પહોંચતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે મૃતક બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં પોશીના તાલુકાના પડાપાટ(ડેન્ગરફળો)ના દિલીપભાઈ ચૂનાભાઈ ડાભી તા.૧૫ના રોજ બાઈક લઈને પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી કમાન્ડર જીપના ચાલકે ટક્કર મારતાં તેઓ રોડ ઉપર પટકાઈ પડયા હતા જ્યાં ગંભીર ઈજા પછી તેમનું સારવાર દરમ્યાન મોત નિપજતાં પોશીના પોલીસે ફરાર જીપ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# અરવલ્લીના યાત્રાધામ દિપેશ્વરીધામનો પ્રાગટય દિન ઉજવવાની તડામાર તૈયારીઓ

**તા.૭ મે ના રોજ ૩૫મા પ્રાગટ્ય દિનની ઉજવણી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બનેલ અરવલ્લીના બાયડ તાલુકાના યાત્રાધામ દિપેશ્વરી ધામનાં ૩૫માં પ્રાગટ્ય દિન તા.૭ એ. ના રોજ યોજાશે. પ્રાગટ્ય દિનની ઉજવણી માટે શ્રી દિપેશ્વરી વહીવટી સેવા મંડળ, શ્રી દિપેશ્વરી વિસામા ગૃપ તથા સમસ્ત જૂના ઉંટરડાના ગ્રામજનો દ્વારા તૈયારીઓ શરુ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કપરા કાળમાં પણ અનેક દેવમંદિરો આસ્થાનું કેન્દ્ર બની રહ્યા હતા અનેક ચમત્કારો ધરાવતા દિપેશ્વરી ધામના પ્રાગટ્ય મહોત્સવ માટે તૈયારી શરુ કરવામાં આવી છે. તા.૭ મે ના રોજ સવારે ૮-૦૦ કલાકે હવનના પ્રારંભ સાથે પ્રાગટ્ય દિનની ઉજવણી શરુ થશે. બપોરે શોભાયાત્રા અને સાંજે હવન પૂર્ણાહૂતિ પછી મહાપ્રસાદનું આયોજન કરાયું છે. શોભાયાત્રામાં ગાયક કલાકાર મહેન્દ્રસિંહ ચૈહાણ જોડાશે. દિપેશ્વરી માતાના પ્રાગટ્ય દિનમાં ધર્મપ્રિય પ્રજાજનોને ઉપસ્થિત રહેવા દિપેશ્વરી વહીવટી સેવા મંડળના પ્રમુખ નવીનચંદ્ર આઈ. પંડ્યા તથા ટ્રસ્ટીગણે જણાવ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જી.એસ.ટી. બીલના બદલે કાચી ચીઠ્ઠીથી ચોકલેટ-બિસ્કીટનો લાખોનો વેપાર

**સરકારી તિજોરીને લાખોનો ફટકો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રોજ જી.એસ.ટી. બીલના બદલે કાચી ચીઠ્ઠીથી ચોકલેટ તેમજ બિસ્કીટનો લાખોનો વેપાર થઈ રહ્યો છે. જ્યારે વેપારીઓ ગ્રામ્ય વિસ્તારમાં રોજ વાહનો લઈને વેપાર અર્થે જાય છે ત્યારે નાના વેપારીઓને પાકું બીલ આપવામાં આવતું ન હોવાથી સરકારી તિજોરીને જી.એસ.ટી. ટેક્ષ ન મળતાં ફટકો પડી રહ્યો છે. જ્યારે સરકારી તંત્ર પણ કાગળની ચબરકી ઉપર ચાલતા લાખોના વેપાર સામે આંખ મિચામણાં કરી રહ્યું છે.

જિલ્લામાં વેપારીઓ કોઈને કોઈ બહાને સરકારને ટેક્ષ ચૂકવવો ન પડે તેવા હથકંડા અચૂક અજમાવતા હોય છે. વેપારીઓ પર જી.એસ.ટી. ટેક્ષ નાખી સરકારે ટેક્ષની ચોરી ઘટાડવાનો પ્રયાસ કર્યો છે પરંતુ જિલ્લામાં જી.એસ.ટી.ની અમલવારી અદ્ધરતાલ બની રહી છે. ખાસ કરીને બિસ્કીટ તેમજ ચોકલેટના દૈનિક વેચાણમાં હોલસેલ વેપારીઓ ટેક્ષ ચોરી કરી રહ્યા છે. જ્યારે હોલસેલના વેપારીઓ દ્વારા સાઠંબા થી લઈ પોશીના પટ્ટા સુધીના વિસ્તારોમાં રોજ વાહનો ભરીને ગ્રામ્ય વિસ્તારોમાં ચોકલેટ-બિસ્કીટનો જથ્થો નાના વેપારીઓની દુકાનો સુધી ઠલવાય છે પરંતુ ગ્રામ્ય વિસ્તારના વેપારીઓને ટીન નંબર કે પાકુ બીલ પણ આપવામાં આવતું નથી અને જી.એસ.ટી. ટેક્ષ નામની મલાઈ મોટા વેપારીઓ ચાટી જાય છે. છેલ્લા કેટલાય સમયથી પાકા બીલના બદલે કાચી ચીઠ્ઠીઓ ઉપર રોજ લાખોનો વેપલો થઈ રહ્યો છે છતાં સરકારી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ છે. જિલ્લામાં જી.એસ.ટી.ની અમલવારી છતાં ચોકલેટ, બિસ્કીટના હોલસેલ વેપારીઓ ગ્રાહકોને કાચાં બીલ પધરાવતા નજરે પડી રહ્યા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ચોકલેટ બિસ્કીટનો રોજનો લાખોનો વેપાર છતાં જી.એસ.ટી. નંબર સાથેનું બીલ આપવામાં આવતું નથી અને માત્ર કાગળની ચીઠ્ઠીઓ જ નાના વેપારીઓને પકડાવી દેવાય છે. જ્યારે કેટલાક વેપારીઓએ તો જી.એસ.ટી. અને ટીન નંબરની નોંધણી કરાવ્યા વગર જ વેપારમાં ઝૂકાવ્યું છે. ટેક્ષ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં થઈ રહેલા ચોકલેટ બિસ્કીટના વેપારની તપાસ કરવામાં આવે તો લાખો રૂપિયાનું ડીસ્કલોઝર નિકળવાની આશંકા સેવાઈ રહી છે. મોટાભાગના વિસ્તારોમાં ગોળી, બિસ્કીટ, ચોકલેટ, તમાકુ, ગુટકા સહિતના વેચાણમાં વેપારીઓ જી.એસ.ટી.ની અમલવારી કરતા ન હોવાનું બહાર આવ્યું છે.

# અરવલ્લી જિલ્લામાં શિક્ષકની લંપટાઈ, વિદ્યાર્થિનીઓને એવું કહી દીધું કે ધ્રુસકે-ધ્રુસકે રડી : સકંજામાં શિક્ષક

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં શિક્ષણની સ્થિતિ એટલી હદે કથળી છે કે, બાળકોને શાળાએ મોકલવા કે ન મોકલવા તે એક સવાલ છે. તેમાંય સરકારી શાળાઓમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર મારવાની ઘટના અને હવે શિક્ષક ભાન ભૂલ્યો અને મોંઢે શિક્ષણના શબ્દોને બદલે અશ્લિલ શબ્દો નિકળવાના શરૂ થઈ ચૂક્યા છે. બાયડ તાલુકાના ઉંટરડા પ્રાથમિક શાળામાં શિક્ષક પર અશ્લિલ શબ્દો કહેવાનો વિદ્યાર્થિનીઓએ આક્ષેપ કરતા શાળામાં હોબાળો મચી જવા પામ્યો હતો. ઘટનાને લઈને આંબલિયારા પોલિસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

જુના ઉંટરડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થિનીઓનો સાથે વાત કરવામાં નફ્ફટ શિક્ષકને જરાય શરમ કે ભાન ન રહ્યું અને વિદ્યાર્થિનીઓને ન કહેવાનું કહી દેતા વિદ્યાર્થિનીઓ ધ્રુસકે – ધ્રુસકે રડવા માંડી હતી. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ધોરણ ૬, ૭ અને ૮ ની વિદ્યાર્થિનીઓ સાથે વાતચીત કરતા ભાંડો ફૂટ્યો હતો. એક વિદ્યાર્થિનીને પેટમાં દુખાવો થતાં નફ્ફટ શિક્ષકે કહી દીધુ કે મહિના છે ? આવી લાજ શરમ વિનાનો શિક્ષક આગળ વધીને તે બોલાય તેવું બોલાવા લાગ્યો હોવાનું વિદ્યાર્થિનીઓએ આક્ષેપ કર્યો હતો.હાલ રાજ્યમાં શિક્ષણને લઈને રાજનીતિ ગરમાઈ છે, શાળાઓની સ્થિતિને લઈને આમ આદમી પાર્ટી દ્વારા શિક્ષણ વ્યવસ્થાઓ પર સવાલો ઉઠાવી રહ્યું છે. આ વચ્ચે અરવલ્લી જિલ્લામાં શિક્ષણ વ્યવસ્થાને કલંકિત કરતો કિસ્સો આવતા શિક્ષણ પંથકને શર્મસાર કરતી ઘટનાને લઈને ચકચાર મચી જવા પામી છે. સમગ્ર ઘટનાને લઈને પોલિસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને લંપટ શિક્ષક બિપીન વી.પટેલની ધરકડ કરી છે

**શિક્ષણ જગતને લાંછન લગાવતા શિક્ષકો પર કેવી કાર્યવાહી થશે?**

સરકારી શાળાઓમાં છાશવારે શિક્ષણને લાંછન લગાડનારી ઘટનાઓ ઘટતી હોય છે પણ આવા લંપટ શિક્ષકો છૂટી જતાં હોય છે, પણ આવા શિક્ષકો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. પોલિસ ફરિયાદ થાય છે પણ ખાતાકીય કડક કાર્યવાહી ન થતાં આવા લંપટ શિક્ષકોની લંપટાઈ વધી જતી હોય છે. શિક્ષણ સંસ્થાનોમાં શિક્ષકની જવાબદારી શિક્ષાને પિરસવાની છે, જેથી બાળકોમાં કેળવણીનો સંચાર થાય પણ આવા શિક્ષકો આખો દિવસ મોબાઈલમાં માથુ મારીને મગજ વિચલિત કરી દેતા હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે, જેથી વિચારો ખરાબ આવતા લંપચાઈ કરી શિક્ષણ જગતને શર્મસાર કરતા હોય છે. આવા શિક્ષકો સામે રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગ કેવી કાર્યવાહી કરશે તે એક સવાલ છે.



**અમે નહી સુધરીયે !**

# પાંચ પાંચ આવેદનપત્રો, રેલી છતાંય પ્રાંતિજ નગરપાલિકા ભાંખરીયા તળાવમાં ગંદો કચરો ઠાલવે છે

**આવેદનપત્રો અપાયા છતાંય નઠોર પાલિકાને કોઈ ફરક પડતો નથી : ગંધ કચરો સાથે પ્લાસ્ટિક ઠલવાતા તળાવ સાથે ૫૦થી વધારે ગાયોના જીવ જોખમા**

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાય સમયથી પ્રાંતિજ ની ઓળખ એવા ઐતિહાસિક તળાવ મા આખા નગરનો ગંદકચરો ઠાલવેછે અને ઐતિહાસિક તળાવ ની જાળવણી ના બદલે હાલતો દુર દશા કરી છે ત્યારે કેટલાક સંગઠનો દ્વારા ભાંખરીયા તળાવ બચાવો ને લઈ ને આવેદનપત્ર પાઠવવામા આવ્યા છતાંય નઠોર પાલિકા ને કોઈજ ફરક પડયો નથી અને આજે પણ ઐતિહાસિક તળાવ મા નગર નો કચરો ઠલવાય છે. પ્રાંતિજ બસસ્ટેશન પાસે આવેલ પ્રાંતિજ નુ ઐતિહાસિક ઓળખ ધરોહર સમાન ભાંખરીયા તળાવ ની દુરદશા ખુદ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કરવામા આવી રહી છે અને આખા ગામ માથી ઉઘરાવે ગંદકચરો તળાવ મા ઠાલવવામા આવે છે તો કચરો ઠાલવી ઠાલવીને અડધુ અડધ તળાવ ધનકચરાથી ઉભરાઈ ગયુ છે તો આ ઐતિહાસિક ધરોહર ને બચાવવા માટે કરણી સેના , વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ સહિત અનેક સંગઠનો દ્વારા પ્રાંન્ત-તલોદ ના



પ્રાન્ત અધિકારી ને આવેદનપત્ર પણ પાઠવવામા આવ્યુ હતુ પણ જાણે આવેદનપત્ર ખાલી ફાઈલ થઈ હોય તેમ આજદિન સુધી આ ઐતિહાસિક ધરોહર ને બચાવવા માટે પ્રાન્ત કચેરી દ્વારા કે અન્ય અધિકારી દ્વારા કોઈ એક્શન કે કોઈજ કાર્યવાહી કરવામા આવી નથી તો પ્રાંતિજ પાલિકા મા પણ આ અંગે રજૂઆતો કરવાછતાય પ્રાંતિજ નગર પાલિકા દ્વારા કોઈ ફરક પડયો નથી અને રોજના આઠથી દશ ફેરા અહી આખા ગામનો ગંદ કચરો ઠાલવવામા આવે છે ત્યારે સાથે સાથે મરેલા પશુઓ પણ અહી નાખવામા આવતા આ વિસ્તાર દુર ગંધ થી ખદબદી ઉઠયો છે તો અહી ઠાલવવામા આવતો ગંદકચરામા પ્લાસ્ટિક પણ હોય જેથી અહી રોજીદી આવતી ગાયો ખાતા ૫૦ થી પણ વધારે ગાયોના જીવ પણ જોખમાયછે ત્યારે હાલતો ખુદ પ્રાંતિજ નગર પાલિકા દ્વારા આ ઐતિહાસિક ધરોહર ની દુરદશા કરવાનુ જાણે પ્રાંતિજ નગર પાલિકાએ ધાર્યુ હોય તેમ અહી આખા ગામનો ગંદ કચરો અને મરણ થયેલ પશુઓ અહી નાખવામા આવે છે તો બીજી બાજુ ભાંખરીયા તળાવ મા એક પાણી નુ ટીપુ પણ ના હોય તળાવ ની સફાઈ કરી પાણી ભરવામા આવે તેવી માંગ પણ આજુબાજુમા આવેલ ખેડૂતો માંગ કરી રહ્યા છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા ને તો જાણે ભાંખરીયા તળાવ નુ અસ્તિત્વ મિટાવવાના સોંગદ લીધા હોય તેમ પ્રાંતિજ પાલિકા ના અધિકારીઓએ સત્તાધીશો નો પણ મહત્વ નો ફાળો હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

**આરોગ્ય સમિતિના ચેરમેન અરવિંદભાઇ પરમારનું શું કહેવુ છે તેવોએ જણાવ્યુ કે અગાઉ કેટલાક સંગઠનો દ્વારા આ અંગે આવેદનપત્ર આપ્યા બાદ મે એ.સાઇ. સંજયભાઇ ચૌધરીને આ અંગે જાણકરી હતી અને કચરો ના નાખવા કીધુ હતુ તો પણ અધિકારી પોતાની મનમાની કરી રહ્યા છે અને અમારૂ સાભરવામાં આવતુ નથી**

**પાટીદાર બેલ્ટમાં અંદરખાને સડવડાટ જોવા મળ્યો**

# જિલ્લામાં ભાજપ-કોંગ્રેસમાંથી કોની ટીકીટ કપાશે

**તેને લઈને અટકળો આમઆદમી પાર્ટી ફાયદો ઉઠાવવા માટે તૈયાર**

હિંમતનગર, તા.૧૯

ભાજપે સમગ્ર ગુજરાતની સરકાર બદલી નાખ્યા પછી તેના અનેક ધારાસભ્યો પોતાને ટીકીટ મળશે કે કેમ..?? તેને લઈને અસમંજસ અનુભવી રહ્યા છે. કોંગ્રેસમાંથી પણ કેટલાક ધારાસભ્યો ભાજપમાં જોડાઈ જાય તે સંજોગોમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકમાંથી ભાજપ-કોંગ્રેસમાંથી કોની ટીકીટ કપાશે..?? તેને લઈને અટકળો ચાલી રહી છે. જ્યારે ટીકીટ કપાયા પછી નારાજ આગેવાનોના આમઆદમી પાર્ટી ફાયદો ઉઠાવવા માટે તૈયાર હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ૧૫ દિવસથી જિલ્લાના પાટીદાર બેલ્ટમાં અંદરખાને સડવડાટ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉંઝા વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જાહેર ન થતાં કેટલાક અભ્યાસુ લોકો ગુજરાતમાં વહેલી વિધાનસભા ચૂંટણી યોજાશે તેવી ગણતરી માંડીને બેઠા છે. રાજ્યમાં જે રીતે વડાપ્રધાન તેમજ કેન્દ્રીય ગૃહમંત્રીની આવન જાવન વધી છે તે જોતાં વહેલી ચૂંટણીના સંકેત ગણી શકાય પરંતુ પ્રદેશ ભાજપ નેતાગીરીએ સમયસર ચૂંટણી યોજાવવાનું વારંવાર બોલી રહ્યા છે પરંતુ ભાજપ અને કોંગ્રેસમાં અનેક ધારાસભ્યોની ટીકીટ કપાઈ જશે તે નિશ્ચિત છે. ગુજરાતમાં આમઆદમી પાર્ટી પોતાનો પગદંડો જમાવવા અત્યારથી પ્રયાસ કર્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ જે પણ ધારાસભ્યોની ટીકીટ કાપે તેમને આમઆદમી પાર્ટીમાં સમાવી લેવા માટેનું પણ આયોજન થઈ રહ્યાનું સંભળાઈ રહ્યું છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધીમાં કોઈ પ્રાદેશિક પક્ષ ચાલ્યો નથી તે કડવું સત્ય હોવા છતાં આમ આદમી પાર્ટીના કારણે મતોનું ધ્રુવિકરણ સંભવ છે. જિલ્લાના કેટલાક પાટીદાર બેલ્ટમાં અંદરખાને જે રીતે સડવડાટ શરુ થયો છે તેને લઈને અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે. જ્યારે ભાજપ અને કોંગ્રેસના કયા ધારાસભ્યોની ટીકીટ કપાશે તેને લઈને પણ ચર્ચાનું બજાર વધુ ગરમ થયું છે.